ગુ. મુ. નં. _____/____

## આંક ૧ લગત હુકમ

આ કામે આરોપી સામે ત.ક.અમલદારે ઇ.પી.કો.ક.૧૮૮ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ–૫૧(બી) મુજબનુ ચાર્જશીટ રજુ કરેલ છે. હાલનો કેસ જાહેરનામાના ભંગ સબબ પોલીસ રીપોર્ટ ઉપરથી ગુનાનું સંજ્ઞાન લેવાનું બાધીત છે તથા આવા ભંગ બદલ લેખીતમાં ફરિયાદ રજુ કરવાની જોગવાઈ સી.આર.પી.સી.માં કરવામાં આવેલ છે તે સબબ સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ તથા નામદાર સુપ્રીમ કોર્ટના દોલતરામ વિરુધ્ધ સ્ટેટ ઓફ પંજાબ તથા નામદાર સુપ્રીમ કોર્ટના એમ.એસ. અહલાવદ વિરુધ્ધ સ્ટેટ ઓફ હરિયાણા તથા નામદાર સુપ્રીમ કોર્ટના સી.મુનિઅપ્પન વિરુધ્ધ સ્ટેટ ઓફ તમિલનાડુંના ચુકાદામાં ઠરાવેલા સિધ્ધાંતો તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્પે.ક્રિ.એ.નં. ૪૧૦૫/૨૦૧૭ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો મુજબ તથા તાજેતરમાં નામદાર બોમ્બે હાઈકોર્ટ ડિવિઝન બેન્ચ દ્વારા HLA SHWE તથા અન્ય વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો મુજબની હકીકતોને ધ્યાને લેતા આ જોગવાઈઓ બાબતે કાર્યવાહી આગળ ચલાવવાની સત્તા રહેતી નથી. જેથી ઉપર મુજબની કાયદાની જોગવાઈ તથા ચુકાદાને ધ્યાને લઈ આ કેસમાં કોગ્નીઝન્સ લેવાય તેમ ન હોય આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

ઈ.પી.કો.કલમ–૧૮૮ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ–૫૧(બી) મુજબની આરોપી સામેની કાર્યવાહી સી.આર.પી.સી.કલમ–૨૫૮ મુજબ સ્ટોપ પ્રોસીડીંગ કરવામાં આવે છે. ફરિયાદ પક્ષને આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી.ની કલમ ૨(ડી) મુજબની ફરિયાદ જો કરવા માંગતા હોય તો તે માટે તેઓનો અધિકાર અબાધિત રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૦/૦૭/૨૦૨૧ના રોજ કોવિડ–૧૯ના માર્ગદર્શન મુજબ સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

(સી.પી.ચારણ)

તારીખ : ૧૦ / ૦૭ /૨૦૨૧

૨૯ માં એડી. ચીફ જ્યુડી.મેજી.,
વડોદરા
કોડ નં. જી.જે.૦૧૪૮૩